૧૯-૮

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

પાદનઃ ગિજુભાઈ • તારાબેન

# રૂપસિં ને રામસિંહ

1600131



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૭ મું

સંપાદક : ગિજુભાઈ અને તારાબેન

# રૂપસિંહ ને રામસિંહ

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૫૫


☆

**આર. આર. શેઠની કંપની**

મુંબઈ–૨ ૦ અમદાવાદ–૧

૧૯૬૫ પચાસ પૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* : * *

બાલસાહિત્યમાળાનાં
૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત પચાસ પૈસા
(આખા સેટનાં રૂ. ૪૦=૦૦)

કુલ નકલ ૧૫,૪૨૦

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૨૨૦

બીજી આવૃત્તિ
૭ મુદ્રણો
૯,૦૫૦ નકલો

સાતમું મુદ્રણ
૧૧૫૦ નકલો
તા. ૧૫–૩–૬૫

# રૂપસિંહ ને રામસિંહ

બે રાજકુમારો હતા. એકનું નામ રામસિંહ અને બીજાનું નામ રૂપસિંહ.

રામસિંહ ને રૂપસિંહ બે ભાઈની બેલડી; સાથે રમે, સાથે જમે, સાથે ભણે, સાથે ગણે ને બધું બધું સાથે જ કરે.

રામસિંહ મોટેરો ભાઈ ને રૂપસિંહ નાનેરો.

એક દિવસ બેઉ ભાઈઓને થયું : "ચાલો ને દેશપરદેશ જઈએ ? જાતજાતના માણસો જોશું, મોટા નાના ડુંગરા જોશું, લાંબી ટૂંકી નદીઓ જોશું; વન જોશું, વગડો જોશું, રાજ જોશું, પાટ જોશું; ઘણું ઘણું જોઈ આવશું."

બંને ભાઈઓ તૈયાર થયા. માતપિતાની આજ્ઞા માગી. પિતાએ હથિયાર આપ્યાં; માતાએ

બેલડી = જોડી

શુકન કરાવ્યા : કંકુના ચાંદલા કર્યા ને ઉપર ચોખા ચોડ્યા.

બેઉ ભાઈઓ ઘોડા ઉપર બેઠા છે. હાથમાં ઢાલ-તલવાર શોભે છે; ખભે ભાલા લટકે છે. વિનોદ વાત કરતા કરતા બંને ભાઈ ચાલ્યા જાય છે. ચાલતાં ચાલતાં ખરા બપોર થયા. બંને ભાઈને ભૂખ લાગી; ભાતું કાઢી ખાવા બેઠા.

માથે મોટો વડ હતો. વડની ડાળે કોઈ વાત કરતાં હતાં.

એક કહે : "તું શાની બેસ ? હું તારાથી મોટી છું."

રાજકુંવરોએ ઊંચે જોયું, ત્યાં તો બે પક્ષીઓ ! એક ચકલી ને એક કાબર.

રાજકુંવરો તો વિસ્મય પામ્યા. "અરે ! આ શું ? સાચી વાત કે ચકલી ને કાબર વાતો કરે છે ?"

ત્યાં તો ચકલી કહે : "હું તારાથી મોટી છું. મારો ગુણ મોટો છે; મને ખાય તે પ્રધાન થાય." કાબર કહે : "તો તો હું જ તારાથી મોટી; મને ખાય તે રાજગાદીનો ધણી થાય."

નીચેથી સનન કરતાં બે તીર છૂટ્યાં ને

ચકલી–કાબર ભસ કરતાં હેઠે પડ્યાં.

નાનાભાઈએ ચકલી ખાધી, મોટાભાઈએ કાબર ખાધી.

ટાઢો શીળો થયો એટલે બંને ભાઈ ઘોડે ચડીને ચાલી નીકળ્યા.

થોડેક ગયા ત્યાં રામસિંહ કહે : "એલા રૂપસિંહ! વડલે મારી સૂડી રહી ગઈ."

રૂપસિંહ કહે : "એમાં શું ? આ હું લઈ આવ્યો; ધીરે ધીરે ચાલતા થાઓ. પેલું શહેર દેખાય ત્યાં ભેગો થઈ જઈશ."

રૂપસિંહે તો પાછાં મારી મૂક્યાં. વડ પાસે જાય ત્યાં તો મોટો બધો ભોરિંગ પડેલો : સાત ફેણવાળો શેષનાગ ! રૂપસિંહ જ્યાં ઘોડેથી ઊતરી સૂડી લેવા જાય ત્યાં તો નાગે ફૂં કરીને ઝેર ઉડાડ્યું ને રૂપસિંહ ભસ દઈને હેઠે પડ્યો. રગે રગે ઝેર ચડી ગયું. સૂડી સૂડીને ઠેકાણે રહી ને રૂપસિંહ તો મરવા સૂતો.

આણીકોર રામસિંહ તો હળવે હળવે શહેરની પાસે આવ્યો; ત્યાં સાંજ પડી ને શહેરના દરવાજા બંધ થઈ ગયા. રામસિંહે દરવાજા બહાર ઓટા ઉપર ઉતારો કર્યો, ને રૂપસિંહની

રાહ જોતો બેઠો. હમણાં રૂપસિંહ આવશે, હમણાં આવશે. એમ કેટલી યે રાહ જોઈ પણ રૂપસિંહ તો આવ્યો જ નહિ. એમ કરતાં રામસિંહ ઊંઘી ગયો. કૂકડો બોલ્યો ને વહાણું વાયું. રામસિંહ રૂપસિંહની રાહ જુએ છે ને ભાઈને સંભારે છે, ત્યાં તો દરવાજા ઊઘડ્યા ને હાથણી દેખાઈ: સરસ મજાની રંગેલી ને ચીતરેલી. સૂંઢ ને પગની ઉપર ભાતભાતનાં ચિત્રો હતાં; પીઠ ઉપર કિનખાબની ઝૂલ હતી; માથે સોનાનો હોદ્દો ને બાજુએ છડીદારો હતા. હાથણીની સૂંઢમાં સોનાનો પાણી ભરેલ કળશ હતો.

હાથણી ઝૂલતી ઝૂલતી દરવાજા બહાર આવી. પાછળ દરબારીઓ હતા, ને તેની પાછળ લશ્કર હતું.

હાથણીએ આમતેમ જોયું ને રામસિંહ પાસે ગઈ. બે પગ નીચા વાળી નમસ્કાર કર્યા, સાત વખત સૂંઢ ફેરવી, ને જળ ભરેલો કળશ રામસિંહને માથે ઢલવ્યો.

" આજુસે બાજુસે નિગાહ રખો મહેરબાન ! " ની છડી પોકારાઈ.

તડિંગધૂમ તડિંગધૂમ કરતાં નોબતનિશાન

ગડગડયાં; સિપાઈઓએ સલામી આપી, અને અમીરઉમરાવોએ રામસિંહને ઘોળ કર્યો.

રામસિંહ તો આ બધું જોઈને આભો જ બની ગયો! તેને થયું: "શું, કાબરે કહેલું સાચું હશે? શું, મને સૌ રાજા બનાવે છે?"

ત્યાં તો વજીરસાહેબે રામસિંહને હાથી પર બેસવા વિનતિ કરી. રામસિંહ સોનાની અંબાડીમાં બેઠો ને તડિંગ તડિંગ ગડગડતા નોબતડંકા સાથે રાજમહેલ ભણી ચાલ્યો.

મહેલે આવી રામસિંહ રાજસિંહાસને બેઠો ને રાજ આખાનો ધણી થયો. ચારેકોર રામસિંહની આણ વરતી.

રામસિંહને તુરત જ પાછો રૂપસિંહ સાંભર્યો. ચારેકોર ઘોડેસ્વારો ને સિપાઈઓને તેણે મોકલી આપ્યા; વડ પાસે તપાસ કરાવી, પણ રૂપસિંહનો પત્તો લાગ્યો નહિ.

આણીકોર વડ નીચે રૂપસિંહ તો બેભાન થઈ પડેલો છે. ત્યાં એક વાદી ને વાદણ નીકળ્યાં. વાદણની નજર રૂપસિંહ ઉપર પડી. તે કહે:

---

ઘોળ કરવો = કાંઈપણ નાણું રાજાને માથેથી ઉતારીને પગે મૂકવું: અનિષ્ટ દૂર થાય એવી ભાવનાથી.

" જુઓ ને, કોઈ રાજકુંવર સૂતો લાગે છે."

વાદી કહે: " લાગે છે તો ભલા રાજકુંવર જેવો, પણ ભોરિંગનું ઝેર ચડ્યું છે; રગે રગે વ્યાપી ગયું છે."

વાદણ કહે: " પણ એનું ઝેર ઉતારો."

વાદી કહે: " પણ આ ઝેર કાંઈ સાપ-સરપોલિયાનું નથી; નાગબાપાની ઝપટ છે!"

વાદણે હઠ લીધી ને વાદીએ કહ્યું: " ઠીક ત્યારે જો પણે વડના થડમાંથી પેલું ઝરણું નીકળે છે. એનું પાણી લઈ આવ."

વાદણ પાણી લેવા ઘડો ભરવા લાગી ત્યાં તો આખો ય ઝરો જાણે ઘડામાં આવી ગયો. ઝરામાં એક ટીપું ય પાણી ન રહ્યું! ત્યાં ને ત્યાં જ સુકાઈ ગયો.

વાદી કહે: " ચાલો હવે ઘેર જઈએ. આ ઘડો તું લઈ લે. હવે બધું ઠીક થઈ રહેશે."

વાદી વાદણ ઘેર ગયાં; ને પાછળથી નાગ-બાપા વડ પાસે આવ્યા. ત્યાં તો થડનું ઝરણું કોરું ધાકોર! અંદર કાંકરા ઊડે! નાગબાપા તો ધૂંવાંપૂંવાં થઈ ગયા, પણ કરે શું?

નાગે તો આંખો મીંચી જોયું, ત્યાં તો

નજરે દેખાયું એક વાદીવાદણનું ઘર, ને એમાં પાણીનો ઘડો, ને ઘડામાં પુરાઈ ગયેલું પાણીનું ઝરણું ! નાગને તો ખૂબ તરસ લાગેલી. તરસ્યાં તરસ્યાં કેમે ય ચલાય નહિ, તો ય ઢસરડાતો ઢસરડાતો વાદીને ઘેર આવ્યો.

વાદી કહે : "રાજકુંવરને સજીવન કરે તો ઝરો આપું."

નાગને ઘણી મરજી તો ન હતી પણ શું કરે ? ક્યાં જાય ? તરસે જીવ જતો હતો.

નાગ કહે : "ચાલો ત્યારે, જીવતો કરું."

વાદી, વાદણ અને નાગ વડ પાસે આવ્યાં; વાદીએ પાણીનો ઘડો થડ પાસે ઠલવી દીધો. ઝરણું પાછું ખળખળ વહેવા લાગ્યું. નાગે ધરાઈને પાણી પીધું ને રૂપસિંહનું ઝેર ચૂસી લીધું. રૂપસિંહ તો આળસ મરડીને બેઠો થયો ! અને પછી મોટાભાઈની સૂડી લઈને શહેરના માર્ગે ચાલવા માંડ્યો.

મનમાં થતું હતું : "અરેરે ! રામસિંહ એકલો બેઠો હશે, ને મારા પંડની ચિંતા કરતો હશે !" એ તો ઝટ ઝટ ચાલવા માંડ્યો, પણ વિચારમાં ને વિચારમાં મારગ ભૂલ્યો ને બીજા

ગામના મારગે ચડી ગયો.

સાંજ પડી ગઈ હતી ને રૂપસિંહને ભૂખ પણ લાગી હતી. શહેરમાં એક બે આંટા માર્યા પણ રામસિંહનો પત્તો ક્યાં લાગે એમ હતો ? આખરે થાક્યોપાક્યો ગામની બહાર આવ્યો ને ક્યાંઈક ઉતારો કરવાનો વિચાર કર્યો.

એક ભરવાડણ જતી હતી; દેખાવે ભલી લાગી ને તેને પૂછ્યું : "બાઈ, બાઈ! આજની રાત તારે ઘેર રહેવા દઈશ ? એક ભૂલો પડેલો વટેમાર્ગુ છું; કાલે તો મારે રસ્તે પડીશ."

બાઈ કહે : "ભલે ભાઈ! ખુશીથી રહો."

રૂપસિંહ તો ભરવાડણને નેસે ગયો ને ઉતારો કર્યો; ભરવાડણનો ધણી મરી ગયો હતો, પણ એક દીકરો ને એક દીકરી હતાં.

સવાર પડી ને રૂપસિંહે રજા માંગી. બાઈ કહે : "ભાઈ! આજનો દિવસ રહી જાઓ. તમ જેવા માણસ અમારે ત્યાં ક્યાંથી ? તમે તો કોઈ કુળવાન લાગો છો; તમારી બોલી એમ કહે છે."

રાજકુંવર એક દિવસ વધારે રહ્યો. બીજે

નેસ = જંગલમાં બાંધેલું કોઈ ભરવાડ કે રબારીનું ઝૂંપડું; અથવા તેમનું નાનું ગામ

દિવસે રજા લઈને જતો હતો ત્યાં રાજાનો હુકમ આવ્યો ને બાઈનું મોઢું કાળુંધબ્બ થઈ ગયું ! એ તો રડવા ને કલ્પાંત કરવા લાગી.

કુંવરે પૂછ્યું : " અરે બાઈ ! એવું દુઃખ તે શું આવી પડ્યું કે આમ ધ્રૂસકે ધ્રૂસકે રોવા બેઠી છે ? "

ભરવાડણે કહ્યું : " અરેરે ! મારું કરમ ફૂટી ગયું. આ ગામને સીમાડે એક રાક્ષસ રહે છે. તે રોજ એક છોકરો, સાત બકરાં ને પાંચ મણ લાડુ ખાય છે. રોજ એકેક ઘેરથી એકેક છોકરો ઉઘરાવાય છે. અરેરે ! મેં નો'તું જાણ્યું કે મારા છોકરાનો વારો આવશે ને આજ એનાં મોત થશે. હે ભગવાન ! "

બાઈ તો રડવા માંડી. રૂપસિંહે કહ્યું : " બાપુ, બા ! રડ મા. તારા છોકરાનો વાંકો વાળ નહિ થવા દઉં. રાક્ષસની સામે હું જ જઈશ. આજે એ રાક્ષસનું ય આવી બન્યું સમજજે. "

બાઈને થયું : " આ કનૈયા રૂપસિંહને મરવા માટે કેમ મોકલાય ? મારા દીકરા માટે આ

કનૈયો = બાલકૃષ્ણ જેવો; સોહામણો; રૂપાળો

બિચારા વટેમાર્ગુને શીદ ને મરવા દઉં ?"

પણ રૂપસિંહે તો પાકો નિશ્ચય કરેલો. એ તો કહે: "હું તો જવાનો જ. તમે બધાં ફિકર શું કામ કરો છો ? જુઓ, જો આજે રાક્ષસને મારીને ન લાવું તો થઈ રહ્યું !"

રાત પડી ને રૂપસિંહ સાત બકરાં ને પાંચ મણના લાડુ લઈ ગામની બહાર ગયો, ને મોટા પીપળા નીચે રાક્ષસની રાહ જોતો બેઠો.

રાતના બાર વાગ્યા ને "માણસ ગંધાય માણસ ખાઉં, માણસ ગંધાય માણસ ખાઉં !" કરતો રાક્ષસ બહાર નીકળ્યો.

રૂપસિંહ તો રાજકુંવર હતો; બહાદુર હતો. છાતી જરા પણ ન થડકી. ઝડપ કરતી તલવાર ખેંચી ને રાક્ષસના ગળા ઉપર વીંઝી.

પણ એમ કાંઈ રાક્ષસ મરે ? એ તો રાક્ષસ હતો. ઘા લાગ્યો પણ રાક્ષસ ન પડ્યો. દૂર જઈને જોરથી દોટ કાઢીને ગદા લઈને રૂપસિંહ ઉપર તૂટી પડ્યો. ઢાલ ન હોત તો રૂપસિંહ ક્યારનો મરી જાત. એક હાથે ઢાલ ને બીજે હાથે તલવાર લઈ રૂપસિંહે એક છલંગ મારીને રાક્ષસના માથા પર એવો તો ઊભો ઘા કર્યો કે રાક્ષસ બેભાન

થઈ ને પડ્યો, ને થોડી વારમાં એના પ્રાણ નીકળી ગયા.

ગામના રાજાની શરત હતી કે જે કોઈ આ રાક્ષસનું માથું લાવે તેને અડધું રાજપાટ ને રાજકુંવરી આપવી. રૂપસિંહે ઝડપ કરતું રાક્ષસનું માથું કાપી લીધું ને પોટકામાં બાંધી ઓશીકે મૂકી લાંબો થઈને સૂતો. મનમાં થયું: "બે ઘડી ઊંઘી લઉં. સવાર પડશે ત્યારે ભરવાડણ પાસે જઈશ."

સવાર પડી પણ રૂપસિંહ તો સૂતો રહ્યો. રોજ ત્યાં એક ભંગી આવતો: રાક્ષસની જગા સાફ કરવા. સવારે એ આવ્યો ને જુએ છે તો રાક્ષસનું ધડ પડેલું! પાસે માણસ સૂતેલો છે. આમતેમ ફરીને જુએ ત્યાં તો રાક્ષસનું માથું સૂતેલને ઓશીકે! પેલા ભંગીના મનમાં થયું: "ચાલ ત્યારે આ રાક્ષસનું માથું હું જ લઇ જાઉં! અડધું રાજપાટ મળશે, કુંવરીને પરણશું, ને ખાશું પીશું ન મજા કરશું."

ભંગીએ તો હળવેથી રૂપસિંહનું માથું ઊંચું કર્યું ને રાક્ષસનું માથું સેરવી લીધું. રૂપસિંહને તો લડાઈનો થાક લાગ્યો હતો એટલે

એને કશી ખબર ન પડી. ભંગીએ વિચાર્યું : "ચાલ ને આ ઊંઘમાં છે તે એને ઠેકાણે જ પાડતો જાઉં! વળી જાગશે ત્યારે ઊલટો કહેશે કે રાક્ષસને તો મેં માર્યો હતો." ભંગીએ તો ઊંઘતા રૂપસિંહને ઉપાડીને હળવેથી એક ખાઈમાં સુવાડ્યો ને આસ્તે આસ્તે એના પર ધૂળ વાળી દીધી. પછી હાશ કરીને ઘેર ગયો.

સવાર પડી ત્યાં તો ગામ આખામાં હો હો થઈ રહ્યું : "રાક્ષસ મરાયો, રાક્ષસ મરાયો! પાપ ગયું; નડતર ગઈ; રોગ ગયો!"

ત્યાં તો કચેરી ભરાઈ ને રાક્ષસનું ડોકું હાથમાં લઈ પેલો ભંગી હાજર થયો.

કચેરી આખી ખગેકાર થઈ ગઈ! ઓહો, આ ભંગી તે કેવો જબરો કે રાક્ષસને માર્યો?

રાજાનું વચન હતું કે રાક્ષસનું જે માથું લાવે એને રાજ આપવું. અડધી ગાદી પર રાજાએ તો ભંગીને બેસાર્યો ને અડધું રાજપાટ સોંપ્યું; રાજકુંવરી એકદમ ન પરણાવી.

રાજાના મનમાં જ કાંઈક આવ્યું : "કોણ જાણે કાંઈ ગોટાળો હોય તો? કોણ જાણે વખતે

ખગેકાર=દિંગ, સ્થબ્ધ

ભંગી ખોટો હોય તો ? ”

રાજાએ કહ્યું : “ કુંવરીને વ્રત છે કે બાર માસ પછી પરણશે. હમણાં લગ્ન નહિ થાય. ”

ભંગી કહે : “ ઠીક. ”

આણીકોર રૂપસિંહ તો ખાઈમાં દટાયેલો છે; મરવા જેવો થઈ ગયો છે. ત્યાં સારા નસીબે કુંભારો એ જ જગ્યાએ માટી ખોદવા આવ્યા, ને ખોદતાં ખોદતાં એમણે માણસ જોયો. “ અરે આ ખાઈમાં આને કોણે દાટ્યો હશે ? આ તો કોઈ રાજકુંવર જેવો છે. અરે ! આ તો હજી જીવે છે ”

કુંભારોએ રૂપસિંહને બહાર કાઢ્યો ને એના પર પાણી છાંટ્યું. ઘણી વારે ભાન આવ્યું ને રૂપસિંહે આમતેમ જોયું તો સામે કુંભાર બેઠેલા. કુંભારોએ બધી વાત કહી.

રૂપસિંહ મનમાં સમજી ગયો : “ હં ! એ તો એમ જ બન્યું હશે. પણ હવે તો મનની મનમાં રાખવી. જેવાં આપણાં ભાગ્ય ! ”

કુંભારો સાથે રૂપસિંહ કુંભારવાડે આવ્યો. ત્યાં તો વાતો થતી હતી કે કોઈ એક ભંગીએ ગઈ રાતે રાક્ષસને મારી નાખ્યો છે, ને એનું ડોકું આણીને સભામાં મૂક્યું છે; રાજાએ એને

અડધું રાજ ને અડધું પાડ આપ્યું છે, એને રાજકુંવરીને બાર માસ પછી પરણાવશે કેમકે હમણાં તો કુંવરીને વ્રત છે.

રૂપસિંહ બધી વાત સમજી ગયો. મનમાં વિચાર કર્યો : "છતા થવામાં માલ નથી. રાજા વાત માનશે નહિ, ને ભંગીરાજા નાહકનો વેર લેશે. ઠીક છે; હમણાં તો આ કુંભારને ત્યાં જ રહી જાઉં, ને જોઉં કે આગળ ઉપર શું બને છે."

રૂપસિંહ તો કુંભારને ત્યાં રહ્યો. કુંભારે એને માનપાનથી રાખ્યો. રૂપસિંહ તો કુંભારનું કામ શીખવા લાગ્યો. કેટલી ય વિદ્યા ભણેલો, એને આ કામ શીખતાં કેટલી વાર ? થોડા દિવસમાં એ તો ચાકડો ફેરવતાં શીખી ગયો, ને મહિના માસમાં તો ઠામ ઉતારવા લાગ્યો. છ માસમાં તો એનાં એવાં ઠામ ઊતરવા લાગ્યાં કે પચાસ પચાસ વરસના અનુભવી કુંભારો પણ એની આગળ પાણી ભરે !

રૂપસિંહે તો પોતાનું નામ રૂપો કુંભાર રાખી દીધેલું. બધા એને રૂપાભાઈ કહેતા. રૂપાભાઈની કારીગરીની તો ચકલે ને ચોટે વાતો

થવા લાગી. "ઓહો, રૂપાભાઈનો શો મજાનો હાથ! ઠામ કાંઈ રૂડાં ઉતારે છે! ને નખે નખે એવી તો એમાં નકશી કાઢે છે કે કુંભારના જણ્યે હજી સુધી એવું કામ કર્યું નથી!"

રૂપાનાં ઠામની વાતો તો એવી ચાલી કે ઠેઠ રાજદરબાર સુધી પહોંચી. પેલા ભંગી રાજાને કાને વાત ગઈ: "ગામમાં એક કુંભાર આવ્યો છે કાંઈ! એવાં સરસ નકશીદાર ઠામો કરે છે, ને એવો કાંઈ ચાકડો ફેરવે છે!"

કોણ જાણે કેમ, પણ ભંગી રાજાના મનમાં વહેમ પેઠો. "આ તો પેલો નહિ હોય? પેલા રાક્ષસનો મારનાર? પેલો ખાઈમાં દાટી દીધો છે તે?"

કુંભારોને બોલાવ્યા ને ધમકી આપીને દબડાવ્યા. ગરીબ બિચારા કુંભારો! એ કહે: "બાપુ! બીજું કાંઈ નથી જાણતા. અમે માટી ખોદવા ગયેલા ત્યાં ખાઈમાં રૂપાભાઈ દટાયેલા હતા. અમે તેને કાઢીને ઘેર લાવ્યા છીએ."

ભંગી રાજા મનમાં કહે: "આ રૂપાનો ઘાટ ઘડવો જોશે. એ જીવતો રહે એ ન પાલવે."

ભંગી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો:

"કઈ રીતે રૂપાનું મોત આણવું ?"

ત્યાં તો બનવા કાળે એવું બન્યું કે સોદાગરોને વહાણવટે જવાના દિવસો આવ્યા. વહાણ બધાં તૈયાર તો થયાં પણ સવળા વાયરા વાય જ નહિ. વહાણ કાંઠે ને કાંઠે પડયાં રહે; એક ડગલું ય આગળ જાય નહિ.

ખારવા કહે : "એ તો ભોગ આપવો જોશે, ભોગ ! અવળા વા વાય તો ભોગ આપવો પડે. એક બત્રીશલક્ષણા પુરુષને લાવો ને વધેરો એટલે ઝટ દેતાંક ને વહાણ ચાલશે."

બધા મળીને ભંગી રાજા પાસે ગયા ને બત્રીશલક્ષણા પુરુષની માગણી કરી.

ભંગી રાજા કહે : "આ લાગ ઠીક આવ્યો છે. લાવ ને પેલા રૂપાને જ હોમી દઉં ? ટાઢે પાણીએ ખસ જશે !"

એણે તો રૂપાને બોલાવ્યો ને વહાણવટીને સોંપી દીધો. કહે : "આ એક બત્રીશલક્ષણો નર છે. એનો ભોગ દેજો એટલે વહાણો બધાં ચાલી નીકળશે."

"વાહ વાહ, રાજાજીની વાહ ! શી પ્રજા

સવળા = સરખા; અનુકૂળ          વાયરા = પવન

પરની પ્રીતિ!" એમ કરતા ખારવાઓ અને વેપારીઓ બાંદર ઉપર ગયા.

રૂપો ઘણો મનમાં ઊકળી ગયો; ઘણું મનમાં થયું કે વાઘ જેમ કૂદીને ભંગી રાજાને ઠાર કરું. પણ વળી વિચાર કર્યો: "શું કરીએ? અત્યારે આપણું કાંઈ ચાલે તેમ નથી."

વહાણવટીઓએ રૂપાને તો વહાણ ઉપર ઉપાડ્યો. ગામ આખું કળેળી ઊઠ્યું: "અરેરે! ભાંગી રાજાને આ શું સૂઝ્યું? રાજકુંવર જેવા રૂપાને ભોગ ધરવા આપી દાધો? એને તો કુંવર કરીને રાખવા જેવો છે." આખા કુંભારવાડામાં રોકકળ થઈ રહી. રૂપો સૌને વહાલો હતો; રૂપાનાં રૂપ ને ગુણ એવાં હતાં. અને રૂપાનું કુંભારકામ? એ તો જાણે કે ક્યાંઈ થાય જ નહિ!

વહાણ ઉપર રૂપાને લાવ્યા ને થાંભલા સાથે બાંધ્યો. સિંદૂરની પીળ કરી ને લાલ કરેણનો હાર પહેરાવ્યો; રૂપાને ભોગ ધરવા તૈયાર કર્યો.

રૂપાને કહે: "બાપુ! તારા ભગવાનને સંભારી લે. તારું જે કોઈ વહાલું હોય એને સંભારી લે!"

કળેળી ઊઠ્યું = કકળાટ કરી ઊઠ્યું

રૂપાને મોટાભાઈ, બા, બાપા, રાજ બધું સાંભર્યું. આંખમાંથી બે આંસુ ખરી પડ્યાં.

રૂપાએ રડતાં રડતાં કહ્યું : "ભાઈઓ! પવનની વાટ બે દિવસ જુઓ; એટલામાં જો ન નીકળે તો મારો તમે ભોગ ધરાવજો."

વેપારીઓને થયું : "બે દિવસ માટે ક્યાં ખાટુંમોળું થઈ જાય છે? ચાલો ને, બે દિવસ વાટ જોઈએ."

રૂપાને તો થાંભલેથી છૂટો કર્યો ને બલિદાન આપવાનું મુલતવી રાખ્યું.

ત્રીજો દિવસ થયો, ચોથો દિવસ થયો, પણ સવળો વા વાયો નહિ.

વહાણવટીઓએ રૂપાને બોલાવ્યો ને કહ્યું : "ભાઈ! બે દિવસ ગયા; વહાણ તો કાંઈ ચાલ્યાં નહિ. ચાલો, હવે તૈયાર થાવ!"

રૂપાએ છરી કાઢીને ઊંચે આકાશ સામે જોયું. "હે ભગવાન! સતની લાજ રાખજે!" એમ કહી આંગળી ઉપર કાપ મૂક્યો. લોહીનું એક ટીપું પડ્યું ને એક વહાણ ચાલી નીકળ્યું; બીજું ટીપું પડ્યું ને બીજું વહાણ ચાલ્યું; ત્રીજે ટીપે ત્રીજું વહાણ, ને ચોથે ટીપે ચોથું.

એમ કરતાં બધાં ય વહાણો દરિયા ઉપર ઊપડ્યાં.

વહાણવટીઓને થયું: " હવે આને શું કામ મારવો? આને તો જીવ જેમ સાચવવો. એના લોહીના એક ટીપે એક વહાણ ચાલે છે, તો પછી એને મારીને શું કરવું છે?"

વહાણવટીઓએ રૂપસિંહને સાથે ઉપાડ્યો. સફર કરતાં કરતાં વહાણો એ જ શહેરમાં આવ્યાં કે જ્યાં માનસિંહ રાજ કરતો હતો.

વહાણે લંગર કર્યાં ને વહાણવટીઓ શહેરમાં ગયા; રૂપસિંહને વહાણ સાચવવા રાખ્યો.

રૂપસિંહ એકલો રહ્યો એટલે દરિયાકાંઠે આવ્યો ને રેતીમાં બેસી રેતીનો મહેલ કરવા લાગ્યો. મહેલ તો એવો બનાવ્યો કે અસલ જાણે એના બાપના મહેલ જેવો જ! પછી તો એણે રેતીથી ને રેતીથી પોતાની આખી વાત બનાવી. બે ભાઈઓ ફરવા નીકળે છે એ બનાવ્યું; વડ ને રાક્ષસ બનાવ્યા; રાક્ષસનું ડોકું ને ભંગી રાજા બનાવ્યો; કુંભારનો ચાકડો ને ઠામ બનાવ્યાં. પોતાની આખી કથા બનાવી.

સવારમાં વજીરની કુંવરી સાહેલીઓ સાથે ફરવા નીકળેલી. ફરતી ફરતી દરિયાકાંઠે આવી.

મહેલ ને ઝાડ ને રાક્ષસ ને એવું બધું જોઈને એ તો અચરજ પામી. "ઓહો! આવું સરસ કોણે બનાવ્યું હશે? કોઈ કારીગર લાગે છે!" આમતેમ જોયું ત્યાં થોડે દૂર રૂપસિંહ બેઠેલો; કંઈક ઊંડા ઊંડા વિચારમાં પડ્યો હતો. ભાઈને ઘર ને એવું સાંભરેલું, ને મોં પડી ગયેલું; આંખમાં ઝળઝળિયાં હતાં.

સાહેલીએ પાસે જઈને રૂપસિંહને પૂછયું: "ભાઈ! આ બધું કોણે બનાવ્યું છે?"

રૂપસિંહ કહે: "કેમ? મેં કર્યું છે."

ત્યાં તો પ્રધાનકુંવરી આવી ને રૂપસિંહને નાતજાત પૂછ્યાં. કુંવરી તો રૂપસિંહને જોઈને ગાંડી ગાંડી થઈ ગઈ. એને થયું: "આવો સુંદર માણસ! આવો કુશળ કારીગર! આવો રૂપાળો નર! બસ, પરણું તો આને જ પરણું; નહિ તો હું કુંવારી રહું!"

પ્રધાનકુંવરી તો ઘેર પાછી આવી ને એક ઓરડામાં ઊંધી ખાટલી નાખીને સૂતી. "પેલા વહાણવાળા સાથે પરણાવો તો હા, નિકર ના."

માએ ને બાપે ઘણું સમજાવ્યું પણ દીકરી તો માને જ નહિ. એ તો કહે: "એમાં હું વળી

ચૂકી છું; હવે બીજા મારે ભાઈબાપ! ને ન પરણાવો તો ભૂખેતરસે ભલે મરી જાઉં, પણ લીધી વાત નહિ મૂકું."

પ્રધાન તો ઘણું મૂંઝાયો, પણ હવે થાય શું? દીકરીને કાંઈ મરવા દેવાય?

એણે તો લગન કરવાની હા પાડી ને ઝટ-ઝટ જેવાંતેવાં લગન કરી નાખ્યાં. કોઈને બોલાવ્યા કારવ્યા પણ નહિ.

રૂપાનાં ને પ્રધાનકુંવરીનાં લગન થયાં ને કુંવરીને રૂપા સાથે વળાવી. કુંવરી પણ રૂપાની સાથે ચાલી નીકળી. કુંવરી બહાદુર હતી; રૂપા ઉપર એને અઢળક પ્રીતિ હતી.

કુંવરીને તો વળાવી પણ પ્રધાને કાવતરું રચી રાખેલું. ખારવાંઓને કેટલું ય ધન આપ્યું ને કહી રાખ્યું: "રૂપાને તમે વહાણ ઉપરથી ફેંકી દેજો, ને કુંવરીને મારા રાજ્યમાં પાછી લાવજો. એટલું મને કરી દેશો તો હું તમને મોટા મોટા મહેલો આપીશ, ઘણું બધું ધન આપીશ ને રાજકાજમાં અમીર બનાવીશ."

વહાણ મધદરિયે આવ્યું. રૂપસિંહ તૂતક ઉપર ફરતો હતો; અંધારી રાત હતી ને પાસે

કોઈ ન હતું. પાછળથી ખારવાએ ધડ દઈને ધક્કો માર્યો ને રૂપસિંહ દરિયામાં પડ્યો. ધુબાક દઈને ધબાકો થયો, ને પાછું બધું ચુપચાપ.

નહિ તો તો રૂપસિંહ દરિયાને તળિયે જ પહોંચ્યો હોત ને પ્રધાનનું ધાર્યું પાર પડત; પણ ભગવાનની મરજી બીજી હતી. વહાણની બાજુમાં એક દોરડું લટકતું હતું. રૂપસિંહે પડતાંવેંત તે પકડી લીધું: એમ જ બન્યું કે એ દોરડું તો પોતાની જ ઓરડીની બારીએ બાંધેલું હતું, અને ઓરડીમાં પોતાની સ્ત્રી પ્રધાનકુંવરી સૂતી હતી. રૂપસિંહ તો ચટચટ દોરડે ચડીને બારીમાંથી ઓરડીમાં ગયો ને પ્રધાનકુંવરીને વીતેલી વાત કહી.

બન્નેએ વિચાર કર્યો કે જો વાત બહાર પડી જશે તો રૂપસિંહને જીવતો મૂકશે નહિ. ગમે તે રીતે વાત છુપાવવી જ. વળી એ પણ ચોક્કસ જ હતું કે ખારવાઓએ ને વહાણવટીઓએ વહાણ પાછું હંકાર્યું હતું. તેઓ રૂપસિંહને દરિયામાં ફેંકી દીધાના સમાચાર પહોંચાડવા ને કુંવરીને પાછી સોંપવા જતા હતા.

કુંવરીએ કુંવરને પેટીમાં સંતાડ્યો. તે

દિવસથી કુંવરીએ કહ્યું : "મારો ધણી ગુજરી ગયો છે; હું હવે બહાર નહિ નીકળું. મારું ખાવાનું ઓરડીમાં જ મોકલજો."

કુંવરીનું ખાવાનું રોજ ઓરડીમાં આવે અને રૂપસિંહ તથા પ્રધાનકુંવરી ભેળાં બેસીને ખાય. એમ કરતાં કરતાં પ્રધાનનું શહેર નજીક આવ્યું અને વહાણ કિનારે લાંગર્યું. વહાણવટી-ઓએ પ્રધાનકુંવરી અને એની પેટી પ્રધાનને મહેલે પહોંચાડ્યાં.

પ્રધાન ઘણો ખુશી થયો. કુંવરી પાછી આવી ને રૂપસિંહને મારી નાખ્યો. "હાશ! આવો ખારવો જમાઈ તે કોને ગમે?"

પણ રાજકુંવરીએ તો રૂપસિંહને પોતાના જ મહેલમાં રાખ્યો હતો. પેટીમાંથી કાઢીને સ્ત્રીનાં લૂગડાં પહેરાવ્યાં હતાં. રૂપસિંહ સ્ત્રીને વેશે પ્રધાનકુંવરી સાથે રહેતો, ખાતોપીતો ને મજા કરતો.

એક વાર રૂપસિંહે પ્રધાનકુંવરીને માંડીને પોતાની બધી વાત કહી.

પ્રધાનકુંવરી કહે : "ત્યારે તો અહીંના રાજા એ તમારા ભાઈ લાગે છે?"

રૂપસિંહ કહે: "તમે વાત કહો છો એ ઉપરથી તો એમ લાગે છે. ચાલો ને, આપણે પરીક્ષા કરીએ."

હવે એમ બનતું કે પ્રધાનના બાગમાંથી રોજ એક હાર રાજાજીને મોકલાતો. એ હાર માળીની દીકરી ગૂંથી આપતી. માળીની દીકરી હાર ગૂંથવામાં હોશિયાર હતી.

રૂપસિંહને સુંદર હાર ગૂંથતાં આવડતું. રૂપસિંહ બધી વાતમાં કુશળ હતો.

રૂપસિંહ છૂપે વેશે બાગમાં ગયો; જઈ ને માળીની દીકરીને કહે: "જોઈએ, મને હાર ગૂંથતાં આવડે છે?" એમ કહી ઘડીકં વારમાં તો એક નવી તરેહની ગૂંથણી કરી આપી.

માળીની દીકરી હાર લઈ રાજદરબારે પહોંચી ને હાર રાજાને આપ્યો.

રાજા કહે: "આ ગૂંથણી નવી છે. કોણે આ કરી?"

દીકરી કહે: "એ તો મેં કરી છે, મને એવી તો ગૂંથણી કેટલી યે આવડે છે."

રાજાએ એને રાજી કરી પાછી મોકલી.

બીજે દિવસે બીજી જાતની અને ત્રીજે

દિવસે ત્રીજી જાતની ગૂંથણી રૂપસિંહે કરી આપી. રાજા તો રોજ ને રોજ નવી ગૂંથણી જોઈને ખુશીખુશી થતો જ જાય.

એક દિવસ રૂપસિંહે બરોબર પોતાના બાપનો માળી બનાવતો હતો એવો જ એક હાર બનાવ્યો ને મોકલાવ્યો.

રામસિંહ તો એ હાર જોઈને અચંબો પામ્યો. "અહા! આ હાર જોઈને મને મારું રાજ, મારાં માબાપ, મારો ભાઈ—મારો રૂપસિંહ, અરે એ બધું સાંભરે છે. અરેરે! મારો ભાઈ ક્યાં ગયો હશે? શું થયું હશે?"

રાજાને વહેમ આવ્યો ને કહે: "જરૂર, આમાં વખતે ભેદ હોય!" માળીની દીકરીને કહે: "બસ, આવો ને આવો હાર કાલે બીજો કરી લાવજે. જોજે, જરા યે ફેર પડ્યો છે તો!

દીકરીએ તો બધી વાત રૂપસિંહ દાસીને કહી. રૂપસિંહે અસલ જેવો જ હાર કરી આપ્યો ને રાજાનો વહેમ પાકો થયો. રાજાને થયું કે "જરૂર, આ હાર બનાવનાર મારા બાપાના રાજનો જ માણસ હોવો જોઈએ!"

બીજે દિવસે રૂપસિંહે એક નવી જાતની

ચાદર બનાવી. સુંદર મજેની ફૂલોની ચાદર હતી, ને એમાં ફૂલથી "રૂપસિંહ–રામસિંહ" એમ ગૂંથ્યું હતું.

વાંચીને રાજા વળી વિચારમાં પડી ગયો: "મારા ભાઈનું નામ અહીં કોણ જાણતું હશે? રખે રૂપસિંહ તો અહીં ન હોય?"

રાજાએ તો માળીની દીકરીને ધમકાવી. કહ્યું: "સાચેસાચું માની જા; આ બધા હાર કોણે કરી આપ્યા, ને આ ચાદર પણ કોણે કરી આપી? નહિ માને તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ."

માળીની દીકરી બધું માની ગઈ ને કહે: "બાપુ! એ તો પ્રધાનની કુંવરીની એક દાસી છે તે કરી આપે છે. બીજું હું કાંઈ જાણતી નથી."

રાજા વધારે નવાઈ પામ્યો. રાજાએ મનમાં વિચાર્યું: "આમાં તો મોટો બધો ભેદ લાગે છે. આ ભેદ તો જાતે જ જાણવો જોઈએ."

માળીની દીકરી સાથે પોતે પણ માળણનો વેશ લઈ ફૂલબાગમાં આવી પહોંચ્યો. ત્યાં તો રૂપાદાસી પણ આવી ને ત્રણે જણાં ફૂલો ચુંટવા લાગ્યાં. રૂપસિંહે તો ભાઈને તરત જ ઓળખી

કાઢ્યો. મળવાને ઘણું મન થયું પણ વખત આવ્યો ન હતો તેથી ધીરજ રાખી ચૂપ રહ્યો. રૂપાદાસી તો એવી બની હતી કે ઓળખાય જ નહિ; રામસિંહ તેને ઓળખી શક્યો નહિ.

રામસિંહ કહે : " તમને આ હાર કોણે શીખવ્યો ? "

રૂપાદાસીએ વાત ઉડાવીને કહ્યું : " મેં એક વાર્તા સાંભળી છે. એ વાર્તા સાચી કે ખોટી એનો તમે તોડ કાઢો, પછી હું તમને જવાબ આપીશ. "

એમ કહીને રૂપાદાસીએ વાર્તા માંડી: "બે હતા ભાઈઓ. બન્ને એક વાર દેશ જોવા નીકળ્યા. ચાલતાં ચાલતાં વડ હેઠે આવ્યા ને ભાતું ખાવા બેઠા. ઉપરથી પક્ષી બોલ્યાં. "

દાસીએ બન્ને ભાઈઓએ પક્ષીને મારીને ખાધાં ત્યાં સુધીની વાત કહી. પછી કહે : " હવે વાર્તા કાલે કહીશ. "

રામસિંહને ઘણી મરજી હતી પણ રૂપાદાસી તો પ્રધાનકુંવરીની વાંસે ચાલી નીકળી ને ઉપાય ન રહ્યો. રામસિંહને થયું : " આ વાર્તા તો જાણે કે મારી ને મારા ભાઈની. પણ પછી

શું થયું તે જાણવું જોઈએ.”

બીજે દિવસે પાછાં ત્રણે જણાં મળ્યાં ને વાર્તા ચાલી. રૂપાદાસીએ તો નાનો ભાઈ જુદો પડી ગયો ને રાક્ષસને માર્યો ત્યાં સુધી વાત ચલાવી.

ત્રીજે દિવસે વળી વાત ચાલી ને આગળ જતાં અટકી.

એમ કરતાં છ દિવસ ગયા. રાજા તો વાર્તા સાંભળતો જાય ને વિચાર કરતો જાય: “આ તો વાત સાચી હશે કે ખોટી? શું રૂપસિંહનું બધું આમ જ બન્યું હશે?”

સાતમે દિવસે વાત ચાલી ને ઠેઠ નાનો ભાઈ પ્રધાનકુંવરીને પરણ્યો ને મરતાં મરતાં બચ્યો, ને પ્રધાનકુંવરીના મહેલમાં રૂપાદાસી થઈને રહ્યો ત્યાં સુધી વાત આવી.

અને વાત પૂરી થતાં જ રૂપાદાસીએ દાસીનો વેશ કાઢી નાખ્યો ને રામસિંહે રૂપસિંહને ઓળખ્યો.

બંને ભાઈઓ હેતપ્રીતથી હળ્યામળ્યા, ને એવા ભેટ્યા કે કેમે કરી છૂટા જ ન પડે! ને આંખમાંથી તો હરખનાં આંસુ જાય દોડ્યાં;

ત્યાં તો પ્રધાનને ખબર મળી કે "અરે, આ રૂપાદાસી તો આપણી કુંવરીનો વર છે, ને એ તો રામસિંહ રાજાનો સગો ભાઈ છે!"

પ્રધાન અને પ્રધાનની સ્ત્રી તો રાજીરાજી થઈ ગયાં. ગામ આખામાં હરખહરખ થઈ ગયો.

રામસિંહે તો મોટો એવો મંડપ રચી રૂપસિંહ અને પ્રધાનકુંવરીને પછી ફરી વખત પરણાવ્યાં ન લાખેણો લહાવો લીધો.

પછી રામસિંહે રાક્ષસ હતો તે દેશના રાજાને ખબર આપ્યા કે અડધું રાજપાટ ભોગવનાર તો ભંગી છે, એટલે રાજાએ ભંગીને કાંધ મરાવ્યો ને પોતાની દીકરી રૂપસિંહ વેરે પરણાવવાનું ઠરાવ્યું.

પણ રૂપસિંહે કહ્યું: "હું તો પ્રધાન-કુંવરીને પરણ્યો છું માટે તમારી કુંવરી વેરે રામસિંહભાઈ પરણે."

પછી રામસિંહનાં પણ પેલી રાજકુંવરી સાથે વાજતેગાજતે લગ્ન થયાં.

પ્રધાનજીએ રૂપસિંહને પ્રધાનપદું આપી દીધું ને ચકલીની બોલી ખરી પાડી.

---

લાખેણો = લાખ રૂપિયાનો; કિંમતી; અમૂલ્ય

પછી રામસિંહે માતપિતાને બોલાવ્યાં ને સેવા કરવા પોતાની પાસે રાખ્યાં.

રામસિંહ ને રૂપસિંહ બંને ભાઈ રાજા-પ્રધાન છે; એક મહેલમાં રાણીઓ સાથે રહે છે, ને ખાઈ પીને રાજ કરે છે.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના | ... | ૯-૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, | ... | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) | ... સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | ... | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૦૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૪-૫૦ | ખજાનાની શોધમાં ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૩-૫૦ |
| સાહસકથાઓ ( ૩૧ પુસ્તકો ) ... ... | ,, | ૭૧-૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ